# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભાવનગર ખાતે 34 હજાર 200 કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2. **દેશની સૌથી મોટી ચોથા તબક્કાની રાષ્ટ્રીય STEM ક્વિઝનો ગાંધીનગર ખાતેથી શુભારંભ.**
3. **સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ રાજ્યમાં 30 હજારથી વધુ આરોગ્ય ચકાસણી શિબિરો યોજાઇ.**
4. **આગામી પાંચ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **એશિયા કપ ક્રિકેટમાં, ભારતે ઓમાનને 21 રનથી હરાવ્યું.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM GUJARAT VISIT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 'સમુદ્ર સે સમૃદ્ધિ' કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાતની મુલાકાત આવશે. પ્રધાનમંત્રી ભાવનગર ખાતે 34 હજાર 200 કરોડથી વધુના અનેક વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આજે શરૂ થનારા પ્રકલ્પો દેશ અને રાજ્યમાં દરિયાઈ વિકાસ, નવીનીકરણીય ઉર્જા અને શહેરી પરિવહનને વેગ આપવા પર કેન્દ્રિત છે.**

**સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ...**

**(વોઈસ કાસ્ટ : અપર્ણા ખુંટ)**

*આજે શરૂ થનારા વિકાસ કામોમાં મુંબઈમાં નવું ક્રુઝ ટર્મિનલ, કોલકાતા અને પારાદીપના મુખ્ય બંદરો પર નવી કન્ટેનર સુવિધાઓ અને દીનદયાળ બંદર પર ગ્રીન બાયો-મિથેનોલ પ્લાન્ટ જેવા આ વિકાસ કામો સામેલ છે જેના થકી માલસામાનની અવરજવર અને વેપાર વધુ સરળ બનશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી આજે ગુજરાતમાં 26 હજાર 300 કરોડથી વધુના નવા પ્રોજેક્ટ્સનો શુભારંભ કરશે, જેમાં છારા બંદર પર LNG ટર્મિનલ જેવા નવા પાવર પ્લાન્ટ અને ભાવનગર અને જામનગરની હોસ્પિટલોમાં આરોગ્યસંભાળ સેવાઓના વિસ્તરણનો સમાવેશ થાય છે., પ્રધાનમંત્રી કચ્છમાં સંપૂર્ણપણે સૌર ઉર્જાથી સંચલિત ધોરડો ગામનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી લોથલ ખાતે નિર્માણ પામી રહેલા રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલની પણ મુલાકાત લેશે અને તેની પ્રગતિની સમીક્ષા કરશે. તેઓ ધોલેરા ઔદ્યોગિક શહેરનું હવાઈ સર્વેક્ષણ પણ કરશે.*

*અપર્ણા ખુંટ // આકાશવાણી સમાચાર // અમદાવાદ*

# BHAVNAGAR 27 MOU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભાવનગરથી અનેક વિકાસ કાર્યો દેશને સમર્પિત કરવાના છે, ત્યારે દરિયાઈ ક્ષેત્રમાં શીપ બિલ્ડીંગ, પોર્ટ યાર્ડ અને મેરિટાઈમ ક્ષેત્રનો વિકાસ કરવા માટે વિવિધ હિતધારકો વચ્ચે 27 પ્રકારના MOU કેન્દ્રીય મંત્રીઓની હાજરીમાં કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં પોર્ટ, શિપિંગ અને વોટરવેઝના કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલે જણાવ્યું કે, ભારતે સામુદ્રિક શક્તિ, સંપદા અને સામર્થ્યને ઓળખી વૈશ્વિક પડકારોનો સામનો કરી સાગર માલા જેવા કાર્યક્રમો દ્વારા સામુદ્રિક ક્ષેત્રમાં પોર્ટ, લોજિસ્ટિક સહિતના વિવિધ ક્ષેત્રોમાં વૈશ્વિક માપદંડો હાંસલ કર્યા છે.

મલ્ટી મોડલ કનેક્ટિવિટી, ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ સાથેના લક્ષ્ય અને પારદર્શક નીતિ થકી દેશની ગતિ તેજ બની રહી છે. આ સાથે જ મેરિટાઈમ વિઝન 2030, ઇન્ડિયા વિઝન 2030ના વિઝનને સાકાર કરી ભારત વિશ્વના 10 શીપ બનાવતા દેશોમાં ચોક્કસ નામ નોંધાવશે. આ માટે સહકારના મંત્ર સાથે સૌએ સાથે મળીને કાર્ય કરવું પડશે તેવી વાત આ મંચ પરથી કરવામાં આવી.

# STEM QUIZ

દેશની સૌથી મોટી ચોથા તબક્કાની રાષ્ટ્રીય STEM ક્વિઝનો ગાંધીનગર ખાતેથી શુભારંભ થયો. ગુજરાત વિજ્ઞાન અને ટેક્નોલોજી પરિષદ-GUJCOST દ્વારા શરૂ કરાયેલી આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને બે કરોડ સુધીના ઇનામો અપાશે.

આ ઉપરાંત વિજેતાઓને BARC-મુંબઈ, DRDO, SAC-ISRO, NFSU-ગાંધીનગર જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેવાની તેમજ ટોચના 200 વિદ્યાર્થીઓ માટે STEM બુટ કેમ્પમાં ભાગ લેવાની પણ તક મળશે. તેમ GUJCOSTના સલાહકાર અને સભ્ય સચિવ નરોત્તમ સાહુએ જણાવ્યુ.

(બાઇટ : નરોત્તમ સાહુ, સભ્ય સચિવ)

## SVASTH NARI SVASTH PARIVAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે શરૂ થયેલ સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ ગુજરાત રાજ્યમાં ત્રણ દિવસમાં 30 હજાર 219 થી વધુ સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પ યોજાયા.

રાજ્યમાં અભિયાન હેઠળ ત્રણ દિવસમાં 15 લાખથી વધુ નાગરિકોએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો છે. સાથે જ 42 હજારથી વધુ આયુષ્માન કાર્ડ પણ કાઢી આપવામાં આવ્યા છે. ગઈકાલે 10 હજારથી વધુ કેમ્પનું રાજ્યની સબ સેન્ટરથી લઈ મેડિકલ કોલેજમાં રાજ્યવ્યાપી આયોજન કરાયું હતું. ત્રણ દિવસમાં સાત લાખથી વધુ લોકોનું બ્લડપ્રેશર, છ લાખથી વધુ લોકોના ડાયાબિટીસ અને ચાર લાખથી વધુ લોકોની સર્વાઇકલ કેન્સરની તપાસ કરવામાં આવી છે.

# GST REFORMS-ELECTRONICS

કર માળખાને સરળ બનાવવા અને નાગરિકો પર નાણાકીય બોજ હળવો કરવાની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના ભાષણમાં આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી. નવા કર દરો સોમવારથી લાગુ કરવામાં આવશે.

આ અંગે સાણંદ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રેસિડેન્ટ અજીત શાહે પણ નિર્ણયને આવકારતા પ્રતિક્રિયા આપી.

(બાઇટ : અજીત શાહ, સાણંદ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

…………………………………

# PM MOVIE REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ", ફિલ્મ રાજ્યના દરેક સિનેમાઘરોમાં નિશુલ્ક બતાવવામાં આવી રહી છે, અમદાવાદની પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલયની એક વિદ્યાર્થિનીએ આ ફિલ્મ જોયા બાદ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : વિદ્યાર્થિની)

# SEVA PARV - INSURANCE FOR ALL

'સેવા પર્વ' માં, મોદી સરકારે દેશભરમાં દરેક પરિવારને સુરક્ષિત રાખવા માટે વીમા કવચનો વિસ્તાર કર્યો છે. અસુરક્ષિત લોકોને સુરક્ષિત કરવાના વિઝન સાથે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મે, 2015માં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના સહિત જન સુરક્ષા યોજનાઓ શરૂ કરી હતી જેથી બધાને સસ્તો વીમો મળી શકે.

આ યોજનાઓના પ્રારંભે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તે સમાજના નબળા વર્ગોને સુરક્ષિત કરવામાં મદદ કરશે.

(બાઇટ : નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી)

## WEATHER FORECAST

આગામી પાંચ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 25 સપ્ટેમ્બર સુધી ઉત્તર ગુજરાત અને કચ્છ સિવાયના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી હળવા વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યુ હતું.

## CRICKET- ASIA CUP

એશિયા કપ ક્રિકેટમાં, ભારતે ગઈકાલે રાત્રે અબુ ધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે ગ્રુપ A ની છેલ્લી મેચમાં ઓમાનને 21 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, ભારતે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 188 રન બનાવ્યા. સંજુ સેમસને 56 રન જ્યારે અભિષેક શર્માએ 38 રન બનાવ્યા. સંજુને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. જવાબમાં ઓમાને નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટે 167 રન બનાવ્યા. જેમાં આમિર કલીમ અને હમ્મર મિર્ઝાએ અડધી સદી ફટકારી.

## NAMOTSAV

ગાંધીનગરમાં આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવનના સંઘર્ષથી સિદ્ધિ સુધીના પથ પર આધારિત મલ્ટિમિડીયા શો “નમોત્સવ” યોજાશે. સાંજે સાડા છ

**વાગ્યે સેકટર 11 ખાતે 150થી વધુ કલાકારોની અદભૂત પ્રસ્તુતિ અને આતશબાજી સાથે "નમોત્સવ" યોજાશે, તેમ શહેર ભાજપ અધ્યક્ષ આશિષ દવેએ જણાવ્યુ હતું.**

**(બાઇટ : આશિષ દવે, શહેર ભાજપ પ્રમુખ)**